

# કોંગ્રેસના ધારાસભ્યોનું મુખ્યમંત્રીને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૩

વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યના એક પ્રતિનિધિ મંડળે રાજયના મુખ્યમંત્રીને એક આવેદનપત્ર આપીને ખેડૂતોને કપાસના પોષણક્ષમ ભાવ આપવાની માંગણી કરી હતી. મુખ્યમંત્રીને આવેદનપત્ર આપ્યા બાદ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પત્રકારોને જણાવ્યું હતું કે ખેડુત તથા ખેડુત પરીવારોની આજે ગુજરાતમાં હાલત સાવ ખરાબ થઈ ગઈ છે. ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળતા નથી. પરિણામે ખેડૂતો આપઘાત કરવા માંડયા છે.

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવકતા અને ગુજરાત વિધાનસભા જાહેર હિસાબ સમિતિના અધ્યક્ષ શકિતસિંહ ગોહિલે પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળવા જોઈએ. ગઈ કાલ સુધી કેન્દ્રમાં યુપીએ સરકાર હતી ત્યારે કપાસના પોષણક્ષમ ભાવ ૨૦ કિલોના રૂ.૧૫૦૦ મળવા જોઈએ તેવી છેતરામણી વાતો અને દલીલો કરી ભાજપના લોકોએ ખેડૂતો અને કિસાન સંઘ પાસેથી મતો ખેરવી લીધા છે. ગુજરાત સરકાર વાયબ્રન્ટના નાટકો કરીને ગુજરાતને લૂંટી રહી છે.

તેમણે જણાવ્યું હતુંકે આજે કોંગ્રેસના ધારાસભ્યોએ મુખ્યમંત્રીને આવેદનપત્ર સુપ્રત કરીને ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળવા જોઈએ તેવી રજુઆત કરી છે. તેમણે જણાવ્યું હતું કે સંવેદના ખોઈ બેઠેલી આ સરકારે હીરા ઉદ્યોગ માટે ૧૨ હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું પરંતુ આજ સુધી કોઈને ફુટી કોડી પણ મળી નથી.

કપાસ સહીતના અન્ય પાકોના પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી. સ્વર્ણિમ સંકુલ-૧ નીચે કોંગ્રેસના ધારાસભ્યોએ કપાસના મુદ્દે પ્લે કાર્ડ પ્રદર્શીત કરી અને સૂત્રોચ્ચાર કરી સરકાર સામે વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

# સફાઈ કામદારોના પડતર પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉગ્ર માંગ

## ૩૦ દિવસમાં નિરાકરણ નહીં લવાય તો વાલ્મીકી સમાજ દ્વારા જાહેર સભા અને રેલી યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૨૩

અખિલ ભારતીય વાલ્મીકી સમાજ દ્વારા ગાંધીનગર મનપાના સફાઈ કામદારોના પડતર પ્રશ્નો તેમજ જિલ્લાના કોન્ટ્રાકટ પધ્ધતિ પર ફરજ બજાવતા સફાઈ કામદારો સહિત વાલ્મીકી સમાજને બાજપાઈ આવાસ કોલોની બનાવી આપવા જેવા મુદ્દાઓનું સત્વરે નિરાકરણ લાવવા માંગ કરાઈ છે. જો તેમના પ્રશ્નોનું ૩૦ દિવસમાં સુખદ નિરાકરણ નહીં લાવવામાં આવે તો વાલ્મીકી સમાજે તા. ૩૧મીજાન્યુઆરીએ ઘ-૩ ખાતે જાહેરસભા અને રેલીનું આયોજન કરવા ચિમકી આપી છે.

વાલ્મીકી સમાજે મનપાના સફાઈ કામદારો અંગેની કુલ-૧૨ માંગો મ્યુનિસિપલ કમિશનર સમક્ષ રજુ કરી છે. જેમાં હંગામી ધોરણે રખાયેલા કર્મચારીઓ સહિત સમાજના સભ્યોને બાજપાઈ આવાસ યોજના હેઠળ મકાન આપવા બાબત અને પગાર વધારવા તેમજ ઝુંપડપટ્ટીમાં વસતા સફાઈ કામદારોને ઘર દીઠ શૌચાલય બનાવી આપવા જેવી માંગણીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ઝુંપડપટ્ટીના રહીશોને પાણીના કનેકશન આપવા અને મૃત્યુ પામેલ કે નિવૃત્ત થનાર કર્મચારીના વારસદારને નોકરી આપવા સહિતની માંગણીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જો ૩૦ દિવસમાં આ માંગણીઓ અંગે નિરાકરણ નહીં લાવવામાં આવે તો વાલ્મીકી સમાજ દ્વારા તા. ૩૧મી જાન્યુઆરી ઘ-૩ સર્કલે સત્યાગ્રહ છાવણી ખાતે જાહેરસભા અને રેલીનુ આયોજન કરવામાં આવશે તેવી ચેતવણી ઉચ્ચારી છે.

# બેંક યુનિયનોની પગાર વધારાની માંગણી ગેરવાજબી અને તર્કહીન : ઈન્ડિયન બેંકર્સ એસોસિએશન

ગાંધીનગર, તા.૨૩

પગાર વધારાની અને અન્ય કેટલીક સુવિધાઓ આપવાની માંગણી સાથે રાષ્ટ્રીયકૃત બેંકોના કર્મચારીઓએ તાજેતરમાં જ હડતાલ પાડી હતી અને બેંકોનું કામકાજ અટકાવ્યું હતું. બેંક યુનિયનો અને એસોસીએશનો દ્વારા જે માંગણીઓ રજુ કરાઈ છે તે તદન અર્થહીન, તર્કહીન અને ગેરવાજબી છે તેવું ઈન્ડિયન બેંકસ એસોસીએશને જણાવ્યું છે.

ઈન્ડિયન બેંકસ એસોસીએશને આજે પ્રસિધ્ધ કરેલ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે છેલ્લા કેટલાક સમયથી રાષ્ટ્રીયકૃત બેંકોના યુનિયનો અને એસોસીએશનોએ બેંકના કર્મચારીઓના પગાર વધારા બાબતે અને અન્ય પડતર પ્રશ્નો બાબતે તેઓની લડતને તેજ બનાવી છે. પગારવધારો જેવી બાબતે બેંકો અને યુનિયનો વચ્ચેની કડીરૂપે કામ કરતા ઈન્ડિયન બેંકસ એસોસીએશને બંને પક્ષોના મુદ્દાઓનો ખૂબ ઝીણવટથી અભ્યાસ કર્યો છે અને એ તારણ પર આવ્યું છે કે બેંકના કર્મચારીઓની તાજેતરની માંગણી ગેરવાજબી છે કારણ કે અગાઉ બે વખતે બેંકો અને યુનિયનો વચ્ચે થયેલી દ્વિ પક્ષીય વાતચીતમાં ૧૦ થી ૧૩ ટકાનો પગારવધારો અને ડીએની ચુકવણી કરવાનું નક્કી થયું હતું. હાલમાં બેંકના કર્મચારીઓ યુનિયનોનો સહારો લઈ ૨૩ ટકા જેટલો પગાર વધારો માંગી રહી છે જે બિલકુલ ગેરવાજબી અને તર્કહીન છે. કેટલીક બેંકો તેમની ક્ષમતા અનુસાર હાલમાં પણ લગભગ ૧૧ ટકા જેટલો પગાર વધારો આપવા તૈયાર છે. આથી ઈન્ડિયન બેંકસ એસોસીએશને યુનિયન અને એસોસીએશનોને આ પ્રશ્નનો હકારાત્મક રીતે ઉકેલ લાવવા જણાવ્યું છે.

# લોદરા ગામે ૨૬મીએ સામુહિક ગ્રામ સફાઈ યોજાશે

ગાંધીનગર, તા. ૨૩

'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વારના તત્વાવધાનમાં જિલ્લા ગાયત્રી પરિવાર સમન્વય સમિતિ, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ આગામી તા. ૨૬-૧૨-૧૪ના રોજ માણસા તાલુકાના લોદરા ગામે સમગ્ર ગ્રામ સફાઈના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ ગ્રામ સફાઈના કાર્યક્રમની સાથોસાથ નેત્રયજ્ઞ, વ્યસનમુક્તિ, બેટી બચાવો રેલી જેવા કાર્યક્રમો પણ યોજાનાર છે. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી જયશ્રીબેન કે. પટેલ સાંસદ સભ્યશ્રી, તેમજ ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ મહેસાણા, શ્રીમતી જયશ્રીબેન કે. પટેલ સાંસદ સભ્યશ્રી, તેમજ ઉપાધ્યક્ષશ્રી ગુજરાત પ્રદેશ ભાજપ મહેસાણા, શ્રીમતી હિનાબેન એચ. પટેલ પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, ગાંધીનગર ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા પ્રોત્સાહન આપશે.

વધુમાં લોદરા ગામે તા. ૨૮ થી ૩૧-૧૨-૨૦૧૪ સુધી ગાયત્રી પરિવાર દ્વારા ૨૪ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ અને વિવિધ સંસ્કારો અને સામુહિક જપ, પંચકોષીય ધ્યાન, પ્રજ્ઞાયોગ, વ્યાયામનું પણ આયોજન કરવામાં આવેલસ છે.

આ ઉપરાંત તા. ૨૮-૧૨-૧૪ના રોજ ગાયત્રી શક્તિ ગાંધીનગર દ્વારા નેત્રયજ્ઞ, મોતીયાનું નિદાન, ઓપરેશન અને નેત્રમણી વિનામુલ્યે અને રાહતદરે ચશ્મા આપવામાં આવશે, સર્વે રોગના નિદાન સાથે મફત દવાનું વિતરણ ડૉ. ભીખાભાઈ ટી. પટેલના હસ્તે કરવામાં આવશે. તા. ૨૯-૧૨-૧૪ના રોજ વ્યસનમુક્તિ, બેટી બચાવો રેલી, વ્યસન મુક્તિ પ્રવચન, સંગીત જેવા કાર્યક્રમો યોજાનાર છે.

# ભાજપ પ્રદેશ હોદ્દેદારોની આજે બેઠક

ગાંધીનગર, તા. ૨૩

ભાજપના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રી વી. સતીષની ઉપસ્થિતિમાં આવતીકાલે પ્રદેશ ભાજપ હોદ્દેદારોની એક મહત્વની બેઠક મળશે. જેમાં સંગઠન પર્વની સમીક્ષા કરીને ભાવી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

તાજેતરમાંજ ભાજપ દ્વારા સભ્ય નોંધણી માટે સદસ્યતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સભ્ય નોંધણી અભિયાન પૂર્ણ થતાં હવે જિલ્લા તાલુકા સંગઠનની પુનઃ રચના પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

આવતીકાલે બપોરે કોબા કમલમ્ પ્રદેશ ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને રાષઅટ્રીય સંગઠન મહામંત્રી વી. સતીષની ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારોની એક બેઠક મળનારી છે. આ બેઠકમાં જિલ્લા તાલુકા સંગઠનની પુનઃ રચના અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે અને આ અંગે પ્રદેશના આગેવાનો માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

### શહેરમાં ઠંડીનો પારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મેળવવા અને ઠંડીથી બચવા ઘરની બહાર નિકળવાનું ટાળી રહ્યા છે અને ઘરમાં જ પુરાઈ રહેવાનું પસંદ કરે છે. બીજી બાજુ દિવસ ભરના વાતાવરણમાં વાદળછાયુ મોસમ રહેતા લોકો સવારે પણ ગરમ કપડા પહેરીને ફરી રહ્યા હતા. જો કે છેલ્લા બે દિવસમાં નગરમાં ઠંડી યથાવત રહી છે અને પારો ૧૦-૧૨ની આસપાસ નોંધાઈ રહ્યો છે. જેથી સવારે નજીવી ગરમી પણ અનુભવી રહ્યા છે. આજે તાપમાનમાં લઘુત્તમ પારો ૧૦.૦ ડિ.સે. અને મહત્તમ ૨૭.૦ ડિ.સે. જ્યારે સવારે ભેજ ૮૮ ટકા અને સાંજે ૪૨ ટકા નોંધાયુ હતુ.

### કમર કસી છે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૫૦મી જન્મજયંતિએ સ્વચ્છ ભારતનો સંકલ્પ લઈ જે અભિયાન હાથ ધર્યુ છે તેને સાકાર કરવા આપણે સૌએ કામે લાગવુ પડશે. મ્યુનિ. કમિશનરશ્રી ચૌધરીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે ભીનો કચરો અને સુકો કચરો અલગ તારવી અને તંત્રને તેના નિકાલમાં સૌનો સહયોગ જરૂરી છે. તેમણે જણાવ્યુ હતુ કે ઘરની સ્વચ્છતાના જેટલો જ આગ્રહ આપણા ચોકની સ્વચ્છતા અને સેક્ટરની સ્વચ્છતાના આગ્રહી બનીએ. જાહેર માર્ગો પર પણ આગામી દિવસોમાં કચરાપેટીઓ લગાવવામાં આવશે. મ્યુનિ. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે વાયબ્રન્ટ સમીટ પૂર્વે નગરના દરેક મકાનમાં ફ્રી ડસ્ટબીનનું વિતરણ થઈ જાય તે રીતે આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહની આભારવિધિ સ્થાનિક કાઉન્સીલર શ્રીમતી પરાગીબેન પંડ્યાએ કરી હતી જ્યારે કાર્યક્રમનું સંચાલન ડૉ. દિનેશ બારોટે કર્યુ હતુ.

### જ્ઞાનયજ્ઞ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલ્યાણનો વિચાર કરૂ. પરંતુ પરમાત્માને મન બધા જીવો તેઓનો પરિવાર છે, તેથી તે તેના આધારે જગત ચલાવે, જે મને અનુકુળ ન પણ હોય. આથી જ, ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણે આપેલ સંદેશ મુજબ કર્મ કરવું મારૂ સ્વાતંત્ર્ય છે, ફળ આપવું ઈશ્વરના હાથમાં છે. તેથી જ **Do the Best, Leave the Rest.**

આ ભવસાગરની વૈતરણીમાંથી પાર કરાવનાર નૌકા એટલે સત્પુરૂપોનો સંગ એ અંગે સમજાવતાપૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે,સત્યપુરૂપોના મનમાં બધા માટે સદ્ભાવ,સદ્ વિચાર અને સદ્ વ્યવહાર છે. આથી તેઓનો સંગ કરવાથી હું પણ જીવનની સારી દિશા પ્રાપ્ત કરી શકીશ અને જટિલ ભવસાગરને પાર કરી શકીશ. નીતિશાસ્ત્રમાં ભર્તૃહરિએ સજ્જન કોને કહેવાય તે જણાવેલ છે, જે આ પ્રમાણે છે. (૧) જેને સત્સંગની ઈચ્છા હોય. (૨) બીજાનાં ગુણોમાં પ્રીતિ-સ્વીકાર (૩) વડીલો-ગુરૂજનની સામે નમ્રતા (૪) જેનું વ્યસન વિદ્યાપ્રાપ્તિમાં છે. (૫) જે પોતાની પત્નીમાં સંતુષ્ટ છે. (૬) લોકનિંદાથી બચે છે. લોક વિરૂદ્ધ કર્મ કરતો નથી. (૭) અંતરમાં ભગવાન માટે ભક્તિ (૮) પોતાની ઈન્દ્રિયોથી ખોટા આવેશોને જે ખાળી શકે છે. (૯) દુર્જનોના સંગથી મુક્ત રહેવા ઈચ્છે છે. (૧૦) ધર્મનું આચરણ પોતે કરે છે. બીજાને પણ કરાવે છે. ૧૪માં શ્લોકમાં શંકરાચાર્યજી માત્ર વેશ બદલીને સન્યાસી બનેલા પરંતુ વ્યવહારમાં અનેક અપેક્ષાઓ રાખી જીવન જીવતા લોકો પર કટાક્ષ કરતાં કહે છે કે, સાચા અર્થમાં સંત નથી. માત્ર વેશ બદલવાથી સંત ન બનાય. દિલથી ઈચ્છા હોય, અંતરમાં વૈરાગ્ય પ્રગટે તો જ સંતત્વ પ્રગટે છે.

### કોમ્પ્યુટર બંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોમ્પ્યુટર લેબ મંજૂર કરાઈ છે પણ તે અન્ય તાલુકાઓને માટે છે અને તેમાં નવા અદ્યતન કોમ્પ્યુટરો મુકવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે જે કોમ્પ્યુટરો આ શાળાઓમાં છે તેમાંથી ૮૦ ટકા બંધ પડેલા છે. તો ક્યાંક બ્રોડ બેન્ડની કનેક્ટીવીટીના પ્રશ્નો છે. તો ક્યાંક સર્વરોના પ્રશ્નો છે. આમ લગભગ શિક્ષણ માટેની કામગીરી માટે આ સંપૂર્ણ મૃતઃપ્રાય જેવી સ્થિતિ ધરાવે છે.

તાજેતરમાં શિક્ષણ રાજ્યમંત્રીની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થઈ હતી, પરંતુ હજુ કોઈ નક્કર પરિણામ ન મળતાં વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર શિક્ષણને લઈ નિસાસા નાખી રહ્યા છે.

### નવી સીરીઝમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નંબરો મેળવવા માટે ૬૪ જેટલા અરજદારોએ અરજી કરી હતી જેના અનુસંધાને આર.ટી.ઓ. કચેરી દ્વારા પસંદગીના નંબરો ફાળવવા હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં નંબર-૧ માટે સૌથી વધુ રૂ. ૩૫,૭૭૭ જ્યારે નંબર-૭ માટે રૂ. ૬૭૭૭ ચુકવાયા હતા. આ ઉપરાંત નવી સીરીઝમાં ૧૧૧૨ સહીતના પસંદગીના નંબરો મેળવવા રૂ. ૧૦૦૦ થી લઈ રૂ. ૩૨૦૦ની ચુકવણી કરવામાં આવી છે. હરાજીની પ્રક્રીયાના અંતે આર.ટી.ઓ. તંત્રને રૂ. ૧.૨૨ લાખની આવક થઈ છે. ફોર વ્હીલરની સાથે વાહનચાલકોમાં હવે ટુ વ્હીલર માટે પણ નંબરોનો ક્રેઝ વધતો જાય છે. ટુ વ્હીલરમાં પણ પસંદગીનો નંબર મેળવવા માટે રૂ. ૩૫ હજાર સુધીની રકમ અરજદારો ચુકવે છે !!





